એપ્રિલ-૨૦૨૫

# પેન્શનર્સ પ્રકાશ

Dear Friends,

We thank each and every member of the SBI Pensioners' Association, Ahmedabad circle for their presence at the Annual Conference held on 22nd March 2025 in Ahmedabad. We also thank all the volunteers for their unflinching support in making this event a giant success. You will all agree that the display of unity amongst the members of SBIPA irrespective of their cadre while in service as also our coordination with the Circle Management of the Ahmedabad Circle has helped us in securing desirable outcomes in majority of the issues raised by us.

We are sure this special bonding will continue as the bonding in a retirees group holds significant importance for several emotional, mental, and even physical reasons. Here's why it matters:

**1. Emotional Well-Being**

Combat Loneliness: Retirement can bring a sudden drop in daily social interactions. Bonding helps reduce feelings of isolation.

**Emotional Support:** Close bonds offer a safe space to share joys, worries, or grief, which is especially important during major life transitions.

**2. Mental Stimulation**

**Shared Activities:** Group games, discussions, or learning sessions help keep minds active and sharp.

**Sense of Purpose:** Being part of a group where one's presence and input matter can reinforce self-worth and cognitive engagement.

**3. Health Benefits**

**Reduced Stress:** Social bonding reduces cortisol levels and boosts overall mood.

**Motivation for Wellness:** Group encouragement can promote healthier habits like walking, yoga, or regular check-ups.

**4. Safety Net**

**Look Out for Each Other:** Bonded groups naturally look after members' health, safety, and even financial well-being.

**Emergency Help:** A close-knit group is more likely to notice and respond quickly in case of any trouble.

**5. Shared Wisdom and Fun**

**Experience Exchange:** Retirees have a wealth of experience. Sharing stories and advice creates a sense of legacy and mutual learning.

**Joy and Laughter:** Socializing brings laughter and joy, adding more life to the golden years.

Our membership have exhibited a clear sense of purpose and dedication as members of SBIPA. The executive committee is proud of all of you.

## Gist of the address of Shri Hemant Karaulia – CGM Ahmedabad Circle at SBIPA

In response to the concerns raised by Shri Kamal Kadri, General Secretary of SBIPA, the Circle CGM expressed his appreciation for the continued support extended by SBIPA and its members to the Bank. He acknowledged that the number of pensioners now exceeds the number of current employees in the Circle.

He highlighted that the Bank's current stature—as the number one institution in terms of business, profitability, and digitalisation—is largely due to the dedicated efforts of employees over the past 30 years, most of whom are now retired. He proudly noted that the Bank currently processes 17,000 transactions per second, a world record in itself. This achievement, along with the Bank's ability to serve nearly one-third of the country's population, has been possible because of the commitment and loyalty of its retired employees.

The CGM further emphasized that maintaining this leading position amid intense competition and rising customer expectations is a significant challenge. In particular, the task of garnering CASA deposits remains

વર્ષ-૧૮ ● અંક : ૪
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

a pressing concern. To this end, he appealed to SBIPA members to support branch efforts by leveraging their personal networks within society, including friends and family.

Additionally, the CGM informed the gathering about several initiatives undertaken by the Bank for the welfare of both current staff and pensioners. He assured the audience of the Circle Management's genuine commitment to addressing the issues raised by SBIPA through structured forums.

In conclusion, he extended his best wishes to all pensioners and SBIPA members, and expressed heartfelt appreciation for their ongoing contributions to the welfare of society.

**Kamal Kadri**
**Editor**

---

પ્રિય મિત્રો,

તારીખ ૨૨ માર્ચ-૨૦૨૫ના રોજ અમદાવાદના પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડીટોરીયમ ખાતે યોજાયેલા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના નિવૃત્ત સાથીઓના વાર્ષિક સંમેલનમાં સમગ્ર ગુજરાતમાંથી લગભગ ૩૧૦૦ જેટલી બહોળી સંખ્યામાં હાજર રહી સંમેલન તેમજ આપણી વાર્ષિક સામાન્ય સભાને સફળ બનાવવા બદલ અમે એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન, અમદાવાદ સર્કલના દરેક સભ્યના આભારી છીએ. આ કાર્યક્રમને સુચારૂ રીતે સફળ બનાવવામાં અને અવિરત સહયોગ બદલ અમે બધા સ્વયંસેવકોનો પણ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આપ સહું સહમત થશો કે એસબીઆઈપીએના સભ્યોમાં સેવા દરમિયાન તેમની કેડરને ધ્યાનમાં લીધા વિના એકતાનું પ્રદર્શન અને અમદાવાદ સર્કલના સર્કલ મેનેજમેન્ટ સાથેના અમારા સંકલનથી અમને અમારા દ્વારા રજૂ કરવામાં આવેલા મોટા ભાગના મુદ્દાઓમાં ઇચ્છનીય પરિણામો પ્રાપ્ત કરવામાં મદદ મળી છે.

અમને ખાતરી છે કે આ અતુટ સ્નેહબંધન ચાલુ રહેશે કારણ કે નિવૃત્ત કર્મચારીઓના સંગઠનમાં આવી એકતા/બંધન, ભાવનાત્મક, માનસિક અને શારીરિક કારણો માટે મહત્વપૂર્ણ છે, અને તે શા માટે મહત્વ ધરાવે છે, તે અંગે કેટલાક મુદ્દાઓ ઉલ્લેખનીય છે.

**૧) ભાવનાત્મક સુખાકારી :**

**એકલતા સામે લડવું :** નિવૃત્તિના સમયમાં દૈનિક, સામાજિક, ક્રિયા પ્રતિક્રિયાઓમાં અચાનક ઘટાડો આવી શકે છે. આવા સમયે સંઘ ભાવના પરસ્પરની એકલતાની લાગણીઓને મહદઅંશે ઓછી કરવામાં સહાયરૂપ રહે છે.

**ભાવનાત્મક ટેકો :** નજીકના સંબંધો અને મિત્રો, આનંદ, ચિંતાઓ અથવા દુઃખ વહેંચવા માટે હૂંફ અને હિંમત આપે છે, જે ખાસ કરીને જીવનના મોટા સંક્રમણો કે મુશ્કેલીઓ દરમિયાન મહત્ત્વપૂર્ણ અને સહાયરૂપ છે.

**૨) માનસિક ઉત્તેજના :**

**વહેંચાયેલી પ્રવૃત્તિઓ :** સંગઠનના સાથી મિત્રો સાથે રમતો, ચર્ચાઓ અથવા કશુંક નવું શીખવા, જાણવાના અધિવેશન મનને સક્રિય અને સતેજ રાખવામાં મદદ કરે છે.

**ઉદ્દેશની ભાવના :** એવા સંગઠનનો ભાગ બનવું જ્યાં વ્યક્તિની હાજરી અને કાર્ય મહત્ત્વ ધરાવે છે. જે સ્વ-મૂલ્ય અને જ્ઞાનાત્મક જોડાણને મજબૂત બનાવી શકે છે.

**૩) સ્વાસ્થ્ય લાભો :**

**તણાવ ઘટાડો :** સામાજિક બંધન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે અને એકંદરે આપણી પ્રસન્નતાને વધારે છે.

**સુખાકારી માટે પ્રેરણા :** જૂથ પ્રોત્સાહન ચાલવા, યોગ અથવા નિયમિત ચિકિત્સા તપાસ જેવી સ્વાસ્થ્ય ટેવોને પ્રોત્સાહન આપી શકે છે.

**૪) સલામતી જાળ :**

**એકબીજાનું ધ્યાન રાખો :** બંધાયેલા જૂથો સ્વાભાવિક રીતે સભ્યોના સ્વાસ્થ્ય, સલામતી અને નાણાકીય સુખાકારીનું પણ ધ્યાન રાખે છે.

**આકસ્મિક મદદ :** નિકટતાભર્યા સંબંધોના જૂથમાં કોઈપણ મુશ્કેલીના કિસ્સામાં ઝડપથી મદદરૂપ/સહાયરૂપ થવાની તત્પરતા અને પ્રતિક્રિયા આપવાની શક્યતા વધુ હોય છે.

**૫) વહેંચાયેલ શાણપણ અને મજા :**

**અનુભવનું વિનિમય :** નિવૃત્ત લોકો પાસે અનુભવનો ભંડાર હોય છે. વાર્તાઓ અને સલાહ વહેંચવાથી વારસો અને પરસ્પર શિક્ષણની ભાવના ઉત્પન્ન થાય છે.

**આનંદ અને હાસ્ય :** સામાજિક જોડાણ હાસ્ય અને આનંદ લાવે છે, જે પાછલી જિંદગીના સુવર્ણ વર્ષોમાં નવી ઊર્જા ભરે છે.

SBIPAના સભ્યો તરીકે અમે અમારી સમર્પણની સ્પષ્ટ ભાવના સભ્યોના હિતાર્થે દર્શાવી છે. સર્વે કારોબારી સમિતિને તમારા પર ગર્વ છે.

**એસબીઆઈ પેન્શનર સંમેલનમાં અમદાવાદ સર્કલના સીજીએમ શ્રી હેમંત કરોલિયાના સંબોધનનો સારાંશ**

SBIPAના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ તાજેતરમાં તા. ૨૨ માર્ચના રોજ યોજાયેલ બેંકના નિવૃત્ત કર્મચારીઓના વાર્ષિક સંમેલનમાં ઉઠાવેલ કેટલાક મુદ્દાઓના જવાબમાં સર્કલ CGMએ SBIPA અને તેના સભ્યો દ્વારા બેંકને આપવામાં આવતા સતત સાથ, સહકાર બદલ પ્રશંસા વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે સ્વીકાર્યું કે પેન્શનરોની સંખ્યા હવે સર્કલમાં વર્તમાન કર્મચારીઓની સંખ્યા કરતાં ઘણી વધી ગઈ છે.

તેમણે એ વાત પર ભાર મૂક્યો હતો કે વ્યવસાય, નફાકારકતા અને ડિજિટલાઈઝેશનની દૃષ્ટિએ નંબર વન સંસ્થા તરીકે બેંકનું વર્તમાન સ્તર - છેલ્લા ૩૦ વર્ષોમાં કર્મચારીઓના સમર્પિત પ્રયાસોને કારણે છે, જેમાંથી મોટાભાગના હવે નિવૃત્ત છે. તેમણે ગર્વભેર જણાવ્યું હતું કે બેંક હાલમાં પ્રતિ સેકન્ડ ૧૭૦૦૦ બેંકીંગ વ્યવહારની પ્રક્રિયા કરે છે, જે પોતે જ એક વિશ્વ રેકોર્ડ છે. આ સિદ્ધિ, દેશની લગભગ એક તૃતીયાંશ વસ્તીને સેવા આપવાની ક્ષમતા સાથે, તેના નિવૃત્ત કર્મચારીઓની પ્રતિબદ્ધતા અને વફાદારીને કારણે શક્ય બની છે.

CGM એ વધુમાં ભાર મૂક્યો કે તીવ્ર સ્પર્ધા અને વધતી જતી ગ્રાહકોની અપેક્ષાઓ વચ્ચે આ અગ્રણી સ્થાન જાળવી રાખવું એક મહત્ત્વપૂર્ણ પડકાર છે. ખાસ કરીને, ચાલુ ખાતા અને બચત ખાતાની થાપણો એકત્ર કરવાનું કાર્ય ગહન ચિંતાનો વિષય છે. આ માટે, તેમણે SBIPAના સભ્યોને સમાજમાં તેમના વ્યક્તિગત વ્યાપક નેટવર્કનો ઉપયોગ કરીને શાખાના પ્રયાસોને મદદરૂપ થવા આહ્વાન કરેલ, જેમાં મિત્રો અને પરિવારનો પણ સમાવેશ થાય છે.

વધુમાં, CGM એ બેંક દ્વારા વર્તમાન સ્ટાફ અને પેન્શનરો બંનેના કલ્યાણ માટે હાથ ધરવામાં આવેલી અનેકવિધ પહેલ વિશે સભાને માહિતી આપી હતી. તેમણે ઉપસ્થિત સભ્યોને SBIPA દ્વારા માળખાગત મંચો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓને ઉકેલવા માટે સર્કલ મેનેજમેન્ટની પ્રતિબદ્ધતાની ખાતરી આપી હતી.

અંતે, તેમણે બધા પેન્શનરોને શુભેચ્છાઓ પાઠવી, અને સમાજના કલ્યાણમાં તેમના સતત યોગદાન માટે હૃદયપૂર્વક પ્રશંસા વ્યક્ત કરી, સ્વાસ્થ્ય અને પ્રફુલ્લિત જીવન માટે શુભેચ્છા પાઠવી હતી.

**કમાલ કાદરી**
**સંપાદક**

*With Best Compliments*
*from*

Dr. Manjit Sing Bhalla

**Dental Surgeon (B.D.S.)**
to

**SBI PENSIONER'S ASSOCIATION, AHMEDABAD CIRCLE**

**Bhalla Dental Clinic and Implant Centre**

2nd Floor Galaxy Mall,
Nehrunagar Char Rasta,Satellite Road,
Ahmedabad-380 015 Gujarat. INDIA

**E-mail :** msbhalla@drbhalla.com
**Tel. Clinic:**+91 79 26730407, 9033050240
**Resi. :** 91+91 79 26852946, 26852744

**(M) +91 9824193935 • Timings : 9.00 am 1.00 pm & 5.30 pm to 9.30 pm**

**Note : Free Consultation for All SBI Pensioners**


વૈજ્ઞાનિક રીતે ડિઝાઈન કરેલી,
દુનિયાની સર્વશ્રેષ્ઠ ટેક્નોલોજી અને
એક્સપર્ટ ડોક્ટર્સની ટીમથી સજ્જ
OCCURA આંખની હોસ્પિટલ
સુપર સ્પેશ્યાલિસ્ટ આંખની હોસ્પિટલ
કોમ્પ્રોમાઈઝ ન કરશો, ફક્ત બેસ્ટ પર જ વિશ્વાસ કરો.
2,00,000 થી પણ વધુ પેશન્ટની સફળ સારવાર
અરોમા, કલર અને મ્યુઝિક થેરાપીનો આજે જ અનુભવ કરો..
SBI અને eSBI પેન્શનર્સના કાર્ડધારકો માટે નિ:શુલ્ક આંખની તપાસ
GOOGLE REVIEW 4.8
મોતિયો | ઝામર | રેટિના (પડદો) | લેસિક | કોર્નીઆ | વિઝન થેરાપી અને રિહેબિલિટેશન સેન્ટર
8 સુપર સ્પેશ્યાલિસ્ટ નિષ્ણાત ડોક્ટર્સની ટીમ
એફોર્ડેબલ સર્વિસ
સ્ટ્રેસ ફ્રી હીલિંગ એન્વાયર્નમેન્ટ
CGHS-ECHS એમ્પેનલ્ડ | કેશલેશ સગવડ ઉપલબ્ધ | બ્લેડલેસ કેટરેક્ટ સર્જરી વિષે જાણવા સંપર્ક કરો.
અમદાવાદ
રાજપથ રંગોલી રોડ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરીયમની બાજુમાં, બોડકદેવ-380059
ફોન. 079-49131202/03/04, +91 9998055807
ગાંધીનગર
ગ્રાઉન્ડ ફ્લોર, સીનર્જી સ્પેસ, ડી માર્ટ મોલ અને પેન્ટાલૂન્સની વચ્ચે, સરગાસન-382421
ફોન. 079-49177290, +91 7043984900
"એક એવી હોસ્પિટલ જે હોસ્પિટલ જેવો અનુભવ કરાવતી નથી"

## અદ્‌ભૂત... અવિસ્મણીય...
## અજોડ... અનુપમ... શાનદાર... યાદગાર...

# પેન્શનર્સ મીટ... અને વાર્ષિક સાધારણ સભા

## અમદાવાદના આંગણે ઉમટ્યો માનવ મહેરામણ

એસબીઆઈપીએના જાંબાઝ નેતૃત્વમાં દેશની સૌથી મોટી પ્રિમિયમ બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ગુજરાત રાજ્યના ૧૮૦૦૦થી વધુ પેન્શનરોના બનેલા બિનરાજકીય સંગઠન એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનની યાદગાર સર્કલ પેન્શનર્સ મીટ અને વાર્ષિક સાધારણ સભા હેરીટેજ સીટી, અમદાવાદના આંગણે તા. ૨૨-૦૩-૨૦૨૫ના રોજ પંડિત દિનદયાલ ઉપાધ્યાય હોલમાં ૩૦૦૦થી વધુ પેન્શનરોની ઉપસ્થિતિમાં ઉત્સાહભેર વાતાવરણમાં યોજાઈ.

આ મિટીંગમાં પેન્શનરોનો અદ્‌ભૂત ઉત્સાહ, ઉમળકો જોવા મળ્યા. આધુનિક ટેક્નોલોજીથી મંચને સુશોભિત કરવામાં આવેલ. મહેમાનોને સૂત્રોચ્ચારની ગર્જના સાથે આવકારવામાં આવ્યા. મહેમાનોના આગમન પહેલાં સવારે ૯ કલાકથી ટેલેન્ટેડ સિંગર આનલ વસાવડા અને તેમના ગૃપના કલાકારો દ્વારા સુરીલા સંગીતથી જુના અને યાદગાર લોકપ્રિય ગીતો દ્વારા સૌને મંત્રમુગ્ધ કરી દીધા. કાર્યક્રમના અતિથિઓ એસબીઆઈ અમદાવાદ સર્કલના સીજીએમ માનનિય શ્રી હેમંત કરોલિયા, જનરલ મેનેજર નેટવર્ક-૧-૨-૩, રિજયોનલ હેડ સાઉથ એસીયા સર્વશ્રી ગોપાલ ઝા, ચંદ્રશેખર વી., અતુલ રાઠી, શુશીલકુમાર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગ દાણી, ડેપ્યુટી જનરલ મેનેજર અને સીડીઓ શ્રી વિક્રમ ઝા, એસબીઆઈ ઓફિસર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી શ્રી રંજન કરણ, એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના જનરલ સેક્રેટરી શ્રી અનિલ દાવર, સેવાના અગ્રણી શ્રી જતીન સોલંકી, એસબીઆઈ ઓબીસી વેલ્ફેરના જનરલ સેક્રેટરી શ્રી નિરલ વૈષ્ણવ, યુનિયનના પ્રેસિડેન્ટ શ્રી સંદીપ ભટ્ટ, એસબીઆઈ ઓફિસર્સ એસોસીએશનના પ્રેસિડેન્ટ શ્રી ચેતન રાઠોડ, એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના નવા વરાયેલ જનરલ સેક્રેટરી શ્રી નિતેશ પરમાર, આમંત્રિત મહેમાનો, પેન્શનરોની વિશાળ હાજરી અને શિસ્તબદ્ધતાથી સર્કલ મેનેજમેન્ટ તથા ઉપસ્થિત આમંત્રિત મહેમાનો અવાક્ બની ગયા.

કાર્યક્રમની જીવંત ક્ષણો તેમના હૃદયને સ્પર્શી ગઈ અને કાર્યક્રમ એક ઉત્સવના રૂપમાં ફેરવાઈ ગયો. પેન્શનરોમાં નવી ઊર્જા, નવી ચેતના અને નવી ખુશીઓનો સંચાર થયો. મિટીંગમાં સૌ એકબીજાને પરસ્પર પ્રેમથી મળતાં આ નજારો સ્નેહમિલનમાં ફેરવાઈ ગયો. આમ આ પેન્શનર્સ મીટ અને વાર્ષિક સાધારણ સભા ઉપસ્થિત સૌના સ્મૃતિપટ પર કંડારાઈ ગઈ અને અમદાવાદ સર્કલના ઈતિહાસમાં એક પ્રકરણ સુવર્ણ અક્ષરે લખાયું.

કાર્યક્રમના નવા નજરાણાં તરીકે અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા ફેસબુક ઉપર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું. આ




ઉપરાંત ૯૦ વર્ષથી ઉપરની વયના વડીલ પેન્શનરોનું લાગણીસભર સન્માન કરીને તેઓના આશિર્વાદ મેળવવામાં આવ્યા. આ પ્રસંગે પેન્શનર પરિવારના અમૂલ્ય રત્ન, રાજકોટના પનોતા પુત્ર સેવાભાવી જેઓને ગુજરાત રાજ્યના આદરણિય રાજ્યપાલના હસ્તે સંસ્કાર સન્માન-૨૦૨૪ એવોર્ડથી સન્માનિત શ્રી અનુપમભાઈ દોશીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. એસબીઆઈ પરિવારની પાંખો સમી સંસ્થા એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના નિવૃત્ત થનાર જનરલ સેક્રેટરી શ્રી અનિલ દાવર, એસબીઆઈ ઓફિસર એસો.ના નિવૃત્ત થયેલ પ્રમુખ શ્રી નિલેશ રાડીયા, એસબીઆઈ

ઓફિસર્સ એસો.ના નિવૃત્ત થયેલ જનરલ સેક્રેટરી શ્રી પિનાકીન બ્રહ્મભટ્ટ અને યુનિયનના નિવૃત્ત થયેલ પ્રેસિડેન્ટ શ્રી કિશોર ઘટાડનું ખાસ સન્માન કરવામાં આવ્યું. સાથે નવા વરાયેલ એસબીઆઈ ઓફિસર એસો.ના પ્રેસિડેન્ટ શ્રી ચેતન રાઠોડ તથા યુનિયનના જનરલ સેક્રેટરી શ્રી નિતેશ પરમારને અભિનંદન સાથે શુભ કામનાઓથી સન્માનિત કરવામાં આવ્યા.

**પેન્શનર્સ મીટ :**





એસબીઆઈ પરિવારની પેન્શનર્સ મીટની શરૂઆત ખૂબ જ જુસ્સાભર્યા વાતાવરણમાં થઈ. પેન્શનર્સ મીટના કાર્યક્રમમાં મંચસ્થ મહેમાનો એસબીઆઈ અમદાવાદ સર્કલના સીજીએમ માનનીય શ્રી હેમંત કરોલિયાજી, જનરલ મેનેજર નેટવર્ક-૧, ૨, ૩, સર્વશ્રી ગોપાલ ઝા, ચંદ્રશેખર વી. અને અતુલ રાઠી, જનરલ મેનેજર શ્રી શુશીલકુમાર, ડે. જનરલ મેનેજર અને સીડીઓ શ્રી વિક્રમ ઝા, એસબીઆઈ ઓફિસર એસોસીએશનના જનરલ સેક્રેટરી શ્રી રંજનકરણ, એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના જનરલ સક્રેટરી શ્રી અનિલ દાવર, સેવાના અગ્રણી શ્રી જતિન સોલંકી, એસબીઆઈ ઓબીસી વેલ્ફેરના જનરલ સેક્રેટરી શ્રી નિરલ વૈષ્ણવ અને એસબીઆઈપીએના બંને સુકાની પ્રમુખશ્રી આર. એન. ચોક્સી અને જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી વિગેરે દ્વારા દીપ પ્રાગ્ય કરવામાં આવેલ.

**પ્રાર્થના :**



કાર્યક્રમના શુભારંભમાં મહેમાનોની ઉપસ્થિતિમાં ટેલેન્ટેડ સિંગર આનલ વસાવડાએ ઈશ્વરની આરાધના દ્વારા પ્રાર્થના રજુ કરી.




એસબીઆઈ અમદાવાદ સર્કલના ડે. જનરલ મેનેજર અને સીડીઓ **શ્રી વિક્રમ ઝા** દ્વારા ઉપસ્થિત તમામ આમંત્રિત મહેમાનો તથા તમામ પેન્શનર્સ ભાઈઓ-બહેનોનું હાર્દિક સ્વાગત કર્યું. વધુમાં તેમણે જણાવ્યું કે આપણી બેંકના નિવૃત્ત કર્મચારીઓની આજની મિટીંગમાં વિશાળ હાજરીથી અત્યંત આનંદની લાગણી અનુભવે છે. બેંક તેમની આર્થિક અને સામાજિક સુરક્ષાનો ખ્યાલ કરતી આવેલ છે. બેંક નિવૃત્ત કર્મચારીઓ માટે પાછલા વર્ષોમાં ઘણાં બધા પાસાઓની શરૂઆત કરી છે. અંતમાં ફરી એકવાર ઉપસ્થિત તમામ ભાઈઓ-બહેનોનું દિલથી અભિવાદન કર્યું.




એસબીઆઈપીએના જનરલ સેક્રેટરી **શ્રી કમાલ કાદરીએ તેમના વક્તવ્યમાં** સૌ પ્રથમ ઉપસ્થિત તમામ ડિગ્નીટીઝ સીજીએમ, તમામ જીએમ, સીડીઓ તથા સેવા અને બીજી સંસ્થાના હોદેદારો તથા યુનિયન અને એસોસીએશનના નિવૃત્ત થયેલા

તમામ હોદ્દદારો અને ગુજરાતના ખૂણે ખૂણેથી અને અમદાવાદથી પધારેલ તમામ નિવૃત્ત સાથી મિત્રોનું હૃદયપૂર્વક સ્વાગત કરૂં છું.

તે ઉપરાંત કાર્યક્રમને ફેસબુક સાથે લીંક કરવાને લીધે આપણા આ મહાપ્રસંગને વિદેશમાં વસતા સાથી મિત્રો નિહાળી રહ્યાં છે.

આજના પ્રસંગે ૩૧૦૦થી પણ વધુ રજિસ્ટ્રેશન થવાથી સીજીએમ સાહેબે પણ આપણી એસબીઆઈ ટીમને જેમાં ૩ લાખ ૬ હજાર નિવૃત્ત સભ્યો તથા ૨ લાખ ૩૫ હજાર વર્કીંગ સભ્યોની આખી ટીમને સમગ્ર એક એસબીઆઈ ટીમ ગણીને વખાણી.

તા. ૧-૧૦-૨૦૨૩થી સ્કેલ ત્રણના નિવૃત્ત સાથીઓને ૪૦% થી વધીને ૫૦% પેન્શનનો લાભ મળવાથી જે ફાયદો થયો તે માટે ગર્વની લાગણી અનુભવીએ છીએ.

હાલના આપણા બે મુખ્ય મુદ્દાઓ પેન્શન કોમ્યુટેશન ૧૮૦ હપ્તાથી ઘટાડી ૧૨૦ કરવા તથા પેન્શન અપડેશન આરબીઆઈ પ્રમાણે કરવું. જે બંને મુદ્દા નાણાંમંત્રાલય સુધી ઉપસ્થિત કરેલ છે. જેનું ચોક્કસ નિરાકરણ આવશે.

પોલિસી 'બી'માં ૮૦થી ઉપરના સાથી મિત્રોને ૮૦ ટકા સબસીડી તથા ૭૦ વર્ષથી ઉપરના સાથી મિત્રોને ૫૦ ટકા સબસીડી મળવા પાત્ર થાય છે.

પોલિસી 'બી'માં મળતી દવાઓમાં વિટામિન્સ તથા મિનરલ્સની દવાઓ પણ મળતી થઈ તથા લેબટેસ્ટમાં પણ વધારો થયો.

૯૯.૯૯ ટકા નિવૃત્ત કર્મચારીઓએ પોલિસી 'બી'નું રિન્યુઅલ ઓનલાઈન કરાવ્યું તથા તેજ રીતે લાઈફ સર્ટીફિકેટનું પણ ઓનલાઈન રિન્યુઅલ કરાવ્યું.

ડિસેબલ ચાઈલ્ડ કેસમાં સમગ્ર સર્કલમાં સૌથી વધુ નોંધ આપણાં સર્કલમાં થયેલ છે જેની ચંદીગઢ સ્ટ્રક્ચર મિટીંગમાં પણ નોંધ લેવાઈ છે.

મેડીકલ પોલિસીમાં ૯૫૬ કરોડના પ્રિમિયમ સાથે બેંકને ૬૫૬ કરોડનો ક્લેઈમ ચુકવવાનો આવ્યો. જેમાં પણ બેંકને પેન્શનર્સ દ્વારા ફાયદો થયેલ છે. કેટલાક સાથી મિત્રો જેવા કે શાહઆલમ શાખાના શ્રી વસાવાભાઈ કે જેમનો ૮ લાખથી વધુ ક્લેઈમ મંજુર કરાવ્યો. એ સિવાય કેટલાય ક્લેઈમ જેમની કાર્યવાહી ચાલુ છે તે તમામનો સફળતાપૂર્વક ઉકેલ આવશે તેવી ખાત્રી સાથે ઉપસ્થિત તમામ ડિગ્નિટરીઝનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો. ગુજરાતના ખૂણે ખૂણેથી પધારેલ નિવૃત્ત સાથી મિત્રો, હોદ્દેદારો, પદાધિકારીઓ, તથા ડિગ્નીટીઝનો આ પ્રસંગે હાજરી આપવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.




એસબીઆઈ અમદાવાદ સર્કલના સીજીએમ **શ્રી હેમંત કરોલિયા સાહેબે** તેમના વક્તવ્યમાં સૌ પ્રથમ સૌને નમસ્કાર કર્યા. આજ યહાં પર જો તીન હજાર લોગ બેંઠે હૈં કમાલભાઈને ઉનકી સ્પીચ મેં મેરે લિયે માય ફિલોસોફર, મોટીવેટર શબ્દો કા ઈસ્તેમાલ કિયા. ઉસમે મેં કહના ચાહુંગા કી હમારી કોઈ બિસાત નહીં કિ જિન લોગોને હમે ઉંગલી પકડકર કામ શીખાયાં, ઉનકો હમ ગાઈડ કર શકે, મોટીવેટ કર શકે. જબ કોઈ સર્કલ લેવલ કી મિટીંગ હોતી હૈં તબ સર્કલ હેડ કી હેસિયત સે મેરી જિમ્મેદારી ઔર મેરા ફર્જ બનતાં હૈં કી મૈં ઉનકો સંબોધીત કરૂં, ઉનકા માર્ગદર્શન કરૂં. અમદાવાદ સર્કલ મેં વર્કીંગ ફોર્સ ૧૨૦૦૦ હૈં ઔર ૧૮૦૦૦ હમારે યંગ પેન્શનર્સ હૈં. હમને ૩૦ સાલ પહલે બેંક જોઈન કિયા તબ કહા જાતા થા કી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા મેં પેન્શનેબલ જોબ જરૂર હૈં લેકિન પેન્શન લેને કોઈ બચતા નહીં હૈં યહ ગલત સાબિત હો ગયા હૈં. આપ લોગ વો જનરેશન હૈં જિસને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા મેં ૩૫ સે ૪૦ સાલોં મેં પૂરા ટ્રાન્સફોર્મ કરકે આજ હમ ગર્વ કે સાથ કહ રહે હૈં કી હમ નંબર વન પે હૈં. યે જનરેશન કો સારા શ્રેય જાતા હૈં. જિસને પિછલે ૩૦-૪૦ સાલો મેં ટ્રાન્સફોર્મ કિયા હૈં. મેન્યુઅલ સીસ્ટમ સે બેંક માસ્ટર, બેંક માસ્ટર સે ડિઝીટલ, ઔર ડિઝીટલ સે મોબાઈલ બેંકીંગ ઔર જિતના પ્રોફિટ હમ કર રહેં હૈં. ઉનકી સેલેરી તીન ફિગર મેં ઔર આજ અગર મૈં બેંક સે રિટાયર હોતા હું તો મેરી પેન્શન સીક્સ ફિગર મેં આયેગી. યે ક્રેડિટ સેવન જનરેશન કો જાતા હૈં. જિન્હોને ફાઉન્ડેશન કી નિંવ રખી, છત ડાલી, ફીનીસીંગ વર્ક હુઆ હોગા. જિન્હોંને પુરે દિલોં દિમાગ સે યે મેરેથોન ઓર્ગેનાઈઝેશન કો બનાયા.

વધુમાં તેમણે જણાવ્યું કે નાના દેશોની જનસંખ્યા એટલી નથી હોતી, એટલા આપણી પાસે કસ્ટમર બેઝ છે. આપણી બેંક ઓલરેડી નંબર વન પર પહોંચી ચુકી છે. આપણી બેંક ભારતભરમાં સૌથી વધુ નફો કરતી નાણાંકીય સંસ્થા છે. અને સતત પાંચ વર્ષથી આપણે નંબર વન પર છીએ. ખાસ માહિતી આપતા તેમણે કહ્યું કે, ફેબ્રુઆરી માસમાં વર્કીંગ સ્ટાફનો ૨૦ દિવસમાં ૧ લાખ ૭૮ હજાર એગેંજમેન્ટ પ્રોગ્રામ કરી ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાયું છે. બીજી એક ગૌરવશાળી બાબત એ

હતી કે નાણામંત્રી નિર્મલા સીતારામન આપણાં કોર્પોરેટ હાઉસમાં આવી આપણી ટીમને સંબોધન કર્યું. સાથે નાણામંત્રી અને ચેરમેને ૪૭૦ શાખાનું ઓપનીંગ કર્યું. વધુમાં મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા ૪૦૦ સીએસપીએસને લોન્ચ કર્યા. નાણામંત્રીની ૧૨ મિનિટની સ્પીચ સાંભળવાનું અમને સૌભાગ્ય પ્રાપ્ત થયું. આપણે નંબર વન પર છીએ. એની પાછળનું લોજીક એ છે કે જનરેશન ટુ જનરેશન જે આપણા વડીલો છે. જે વડીલોના વડીલ છે. જેમણે સોસાયટી સાથે સંપર્ક બનાવીને રાખ્યો છે.

CGM એ વધુમાં ભાર મૂક્યો કે તીવ્ર સ્પર્ધા અને વધતી જતી ગ્રાહકોની અપેક્ષાઓ વચ્ચે આ અગ્રણી સ્થાન જાળવી રાખવું એક મહત્ત્વપૂર્ણ પડકાર છે. ખાસ કરીને, ચાલુ ખાતા અને બચત ખાતાની થાપણો એકત્ર કરવાનું કાર્ય ગહન ચિંતાનો વિષય છે. આ માટે, તેમણે SBIPAના સભ્યોને સમાજમાં તેમના વ્યક્તિગત વ્યાપક નેટવર્કનો ઉપયોગ કરીને શાખાના પ્રયાસોને મદદરૂપ થવા આહ્વાન કરેલ, જેમાં મિત્રો અને પરિવારનો પણ સમાવેશ થાય છે. તમારા જેટલા પણ કનેક્શન હોય જેવાં કે તમારા ટેનન્ટસ હોઈ શકે, તમારા મકાન માલિક હોઈ શકે, જેમની પાસેથી તમે સામાન ખરીદો છો, તમારા ફેમિલી ફ્રેન્ડ, તમારા ફેમિલિ મેમ્બર, તમારા પડોશીઓ હોઈ શકે. તેમને મોટીવેટ કરો અને જણાવો કે અમારી બેંક સૌથી સુરક્ષિત બેંક છે, સૌથી મોટી બેંક છે. તમે અમારે ત્યાં ડિપોઝીટ મુકો છો તો તમારા પૈસા ક્યાંય જશે નહીં, સુરક્ષિત છે. વધુમાં આજના કાર્યક્રમના સફળતાપૂર્વક આયોજન માટે શ્રી કમાલભાઈ અને તેમની ટીમને ખૂબ ખૂબ અભિનંદન. બેંક તરફથી અમારૂં જે યોગદાન છે, અમારી અહીં હાજરી છે. પુરી સીએમસી હાજર છે. આપણાં વડીલોએ આ સંસ્થાને સફળતાપૂર્વક આગળ વધારવામાં અને નંબર વન પર પહોંચાડવા માટે જે યોગદાન આપ્યું છે તે માટે તેમનો આભાર. આપ સૌ બહું મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં, ઘણાં બધાં પેન્શનરો ઓનલાઈનથી કનેક્ટેડ રહ્યાં તે બધાનો ખૂબ ખૂબ આભાર. ફરીથી વિનંતી છે કે આજની તારીખે બેંકને માત્ર ડિપોઝીટની તાતી જરૂરીયાત છે. સમયની માંગ છે. નવી ડિપોઝીટ માટે ટીમ ગુજરાતનો સહયોગ જરૂરી છે. ફરી એક વાર આપ સૌનો અભિનંદન સાથે આભાર.

## અભિવાદન :



શ્રી હેમંત કરોલિયા સાહેબ અને મંચસ્થ મહેમાનો દ્વારા સૌ પ્રથમ પેન્શનર્સ પરિવારના અમૂલ્ય રત્ન રાજકોટના પનોતાપુત્ર, સેવાભાવી તેઓને ગુજરાત રાજ્યના આદરણિય રાજ્યપાલના હસ્તે 'સંસ્કાર સન્માન-૨૦૨૪' એવોર્ડથી સન્માનિત **શ્રી અનુપમભાઇ દોશી**નું આંટી, શાલ, મોમેન્ટો દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું.

## અભિવાદન : ૯૦વર્ષની ઉપરની વયના વડીલો







કોઈ કામ મુશ્કેલી વગર પૂરું થતું નથી, સફળતા તે લોકોની કદમ ચૂમે છે જે અંત સુધી પ્રયાસ કરતા રહે છે.





પેન્શનર્સ પરિવારના ૯૦ વર્ષથી ઉપરની વયના વડીલો સર્વશ્રી અનંતરાય જે. શાહ, નટવરલાલ સી. કાપડિયા, અજીતરાય એમ. વોરા અને કમળાબેન વાળંદનું સીજીએમશ્રી હેમંત કરોલિયાજી અને મંચસ્થ મહાનુભાવો દ્વારા તેઓના સ્થાન ઉપર જઈ આંટી તેમજ શાલ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું.

## નિવૃત્ત થયેલ લીડરોનું સન્માન









એસબીઆઈ પરિવારની પાંખોરૂપી સંસ્થાઓમાં એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના નિવૃત્ત થનાર જનરલ સેક્રેટરી શ્રી અનિલ દાવર, એસબીઆઈ ઓફિસર્સ એસોસીએશનના નિવૃત્ત પ્રેસિડેન્ટ શ્રી નિલેશ રાડિયા, નિવૃત્ત થયેલ જનરલ સેક્રેટરી શ્રી પિનાકીન બ્રહ્મભટ્ટ અને યુનિયનના નિવૃત્ત થયેલ પ્રેસિડેન્ટ શ્રી કિશોર ઘટાડનું સીજીએમ શ્રી હેમંત કરોલિયાજી અને મંચસ્થ મહાનુભાવો દ્વારા ખાસ સન્માન કરવામાં આવ્યું.

## નવા વરાયેલ લીડરોનું સન્માન





સીજીએમ માનનિયશ્રી હેમંત કરોલિયાજી તથા મંચસ્થ મહાનુભાવો દ્વારા એસબીઆઈ ઓફિસર્સ એસોસીએશનના નવા વરાયેલ પ્રેસિડેન્ટ **શ્રી ચેતન રાઠોડ** તથા યુનિયનના જનરલ સેક્રેટરી **શ્રી નિતેશ પરમાર**ને અભિનંદન સાથે શુભકામનાઓથી સન્માનિત કરવામાં આવ્યા.




એસબીઆઈપીએના પ્રમુખ **શ્રી આર. એન. ચોક્સી**એ ઉપસ્થિત મેનેજમેન્ટ અને પેન્શનરોનું સ્વાગત કરતાં જણાવ્યું કે ૧૮૦૦૦ હજાર પેન્શનરો વતી એક સુચન કરવાં માંગું છું કે આપણે મેડિક્લેઈમ ઈન્સ્યોરન્સ પોલિસીમાં પાન ઈન્ડિયા નંબર વન છીએ. તે માટે જ્યારે ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં પોલિસી રિન્યુ કરવા માટે આવે ત્યારે બેંક દ્વારા લોકલ વર્તમાન પત્રમા જાહેરાત કે પ્રેસ નોટ આપવામાં આવે. તેથી ગુજરાતના દરેક ખૂણામાં વસતા પેન્શનરો સુધી માહિતી પહોંચી શકે. જો આ કરવામાં આવે તો ખૂબ જ સારૂં રહેશે. બીજી બાબત એ છે કે આપણી એલએચઓ ગીફ્ટ સીટીમાં સીફ્ટ થવાથી ત્યાં પણ અમારા માટે ઓફિસની વ્યવસ્થા થાય તેના માટે વિનંતી કરીએ છીએ. ત્રીજી બાબત તમામ આરબીઓ લેવલે ડિસ્પેન્સરીનું કામ કરી રહ્યાં છીએ. હજુ પણ કેટલીક એવી જગ્યાઓ છે કે જ્યાં ડિસ્પેન્સરીની જરૂરિયાત છે. ત્યાં મેનેજમેન્ટે મદદ કરવી પડશે. વધુમાં ઈ-એસબીએસના પેન્ડીંગ ઈસ્યુ બાબતે સ્ટ્રક્ચર મિટીંગમાં કોર્પોરેટ લેવલે સીજીએમ (એચઆર) અને ડીજીએમ (પીપીજી)એ જણાવ્યું કે સર્કલ મેનેજમેન્ટ દ્વારા હકારાત્મક પત્ર મોકલવામાં આવશે તો જરૂરથી અમે કન્સીડર કરીશું. મારી સર્કલ મેનેજમેન્ટને વિનંતી છે કે પેન્શનરોની તરફેણમાં ઘટતું કરે. વધુમાં અમદાવાદ સર્કલમાં ૬ હજાર કરોડ કરતાં વધુ ડિપોઝીટ સ્ટાફની છે. તેથી પેન્શનરોનું માન-સન્માન જળવાય તે જરૂરી છે. તમામ આરબીઓ અને એડમિન લેવલે વર્ષમાં એક વખત પેન્શનર્સ મીટ કરવામાં આવે. છેલ્લે તેમણે જણાવ્યું કે તમામ એડમિન ઓફિસ લેવલે પેન્શનર્સ એસોસીએશનને ઓફિસ ફાળવવા બદલ મેનેજમેન્ટનો આભાર વ્યક્ત કર્યો અને આ ઓફિસોમાં વધારાની સવલતો આપવામાં આવે તો ડિઝીટલ પ્લેટફોર્મથી પેન્શનરોના હિતમાં કામ કરી શકીએ.




સ્ટેટ બેંક પીપીજી ડિપાર્ટમેન્ટના **એજીએમ શ્રી સુબ્રતા રંજનદાસ** દ્વારા તમામ પેન્શનર સાથીઓને પ્રણામ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો. આજની મિટીંગમાં ગુજરાતના ખૂણે ખૂણામાંથી ૩૧૦૦ કરતાં વધુ સંખ્યામાં પેન્શનરો પધાર્યા છે અને શિસ્તબદ્ધ રીતે કાર્યક્રમને સફળ બનાવ્યો તે માટે દિલથી આભાર વ્યક્ત કર્યો. વોલિયન્ટર્સ દ્વારા બજાવેલ સુંદર કામગીરી માટે તેમનો પણ ધન્યવાદ કર્યો. વરિષ્ઠ પેન્શનરોનું અભિવાદન ખૂબ જ મહત્વની બાબત છે તેમાં એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશને બેંકને સહભાગી બનાવી તે માટે ખૂબ ખૂબ ધન્યવાદ વ્યક્ત કર્યા. સાથે ફરી એકવાર આ કાર્યક્રમને જ્વલંત સફળ બનાવવા પ્રત્યક્ષ કે પરોક્ષ સહયોગ આપનાર તમામનો દિલથી આભાર વ્યક્ત કર્યો અને સૌને સ્વરૂચિ ભોજન માટે આમંત્રિત કર્યા. ધન્યવાદ.

## વાર્ષિક સાધારણ સભા











વાર્ષિક સાધારણ સભાની શરૂઆત પહેલાં પેન્શનર્સ પરિવાર માટે “એડવાન્સ હેલ્થ ટોક્સ”નો કાર્યક્રમ યોજવામાં આવ્યો. તેમાં આપણાં શરીરનું મહત્વ અંગ એવા દાંત માટે 'Advance in Dental Treaments' વિષય પર સ્માઈલ ક્રાફ્ટ ડેન્ટલ સ્ટુડિયોના **ડો. નિરાલી પટેલ** દ્વારા દાંતના રોગ તેમજ તેની તકેદારી અને કાળજી માટે એડવાન્સ ટેકનોલોજી દ્વારા પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવેલ. પેન્શનરોને ખૂબ જ ઉપયોગી માહિતી રજૂ કરેલ સાથે ઘૂંટણના દર્દ માટે 'Advance Robotic Joint Replacement' વિષય પર પારેખ્સ હોસ્પિટલ-અમદાવાદના **ડો. વિનય પરાસર** દ્વારા સચોટ માહિતી હળવી શૈલીમાં રજૂ કરવામાં આવી. ઘૂંટણના દર્દો માટે કાળજી અને સારવાર સાથે પારેખ્સ હોસ્પિટલ દ્વારા રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ વિશે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવેલ. ઉપસ્થિત પેન્શનરો માટે આ માહિતી અને સંવાદ ખૂબ જ ઉપયોગી થઈ પડ્યા હતા. ઉપસ્થિત પેન્શનર્સ પરિવારના સદસ્યોએ ડો. વિનય પરાસર સાથે સંવાદ દ્વારા પોતાના પ્રશ્નો અંગે સમાધાન મેળવ્યા હતા.





બંને ડોક્ટરોના પ્રેઝન્ટેશન પુરા થયા બાદ પ્રભુને યાદ અને વંદન કરી વાર્ષિક સાધારણ સભાની શરૂઆત કરવામાં આવી. એસબીઆઈપીએની ટીમ તરફનો પ્રેમ અને કામગીરીને ધ્યાનમાં રાખી વાર્ષિક સાધારણ સભામાં પેન્શનરો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. તેઓની હાજરીથી નવો ઉત્સાહ અને વધુ જોમ સાથેનું વાતાવરણ જોવા મળ્યું. આમંત્રિત મહેમાનોમાં ઓફિસર્સ એસોસીએશનના, એમ્પ્લોઈઝ યુનિયન, સેવાના ભૂતપૂર્વ પદાધિકારીઓ ઉપસ્થિત રહીને વાર્ષિક સાધારણ સભાની શોભામાં અભિવૃદ્ધિ કરી. પ્રેસિડેન્ટ શ્રી આર. એન. ચોક્સીએ સૌ પ્રથમ આપણાં પેન્શનર્સ પરિવારના દિવંગત સભ્યો માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી.



મિટીંગની શરૂઆતમાં પેન્શનર્સ એસોસીએશન દ્વારા મિટીંગનો એજન્ડા મળેલ નથી તેવી રજુઆત સભ્ય દ્વારા કરવામાં આવી. તેમની રજુઆતને પ્રેસિડેન્ટ શ્રીએ સાંભળી અને એજન્ડા સરક્યુલેટ થઈ શક્યો નથી તે માટે દિલગીરી વ્યક્ત કરી. ત્યારબાદ સભાએ મંજુરી આપતાં એજન્ડા હાઉસ સમક્ષ રજૂ કર્યો અને એજન્ડા પ્રમાણે કાર્યવાહી શરૂ કરવામાં આવી. **પ્રમુખશ્રી આર. એન. ચોક્સી**એ તમામ મંચસ્થ હોદ્દેદારો અને સમગ્ર કમિટી તેમજ સૌ હાજર સભ્યોનું હાર્દિક સ્વાગત કર્યું. સવારે બેંકે જે પેન્શનર્સ મીટ કરી તેમાં પેન્શનરોનો જે ઉમળકો દેખાયો અને આપ સૌની હાજરીએ અનોખો વિક્રમ સર્જ્યો. આ વિક્રમ સર્જવામાં આપ સૌનો સિંહ ફાળો છે. એસોસીએશનમાં નવા પેન્શનર્સ આવ્યા છે તેઓ ડિઝીટલી વધુ જાણકાર છે તેઓ જુના પેન્શનરોને સારી રીતે મદદરૂપ થઈ શકશે. એસબીઆઈપીએની ટીમ પેન્શનર્સ માટે કેટલી જાગૃત છે, કેટલી સજાગ છે અને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે તે માટે અભિનંદન. આ એજીએમ આપણી ફોર્માલિટી માટે નથી પણ આપણી પ્રવૃત્તિનો ચિતાર આપવાનો એક વિષય છે. આપણા જનરલ સેક્રેટરી દ્વારા તેમના વક્તવ્યમાં સવિશેષ માહિતી રજૂ કરવામાં આવી. બાકી રહેલા મુદ્દાઓ મારા વક્તવ્યમાં મેં રજૂ કર્યા. ખાસ એટલું જ કહેવાનું કે "સૌનો સાથ સૌનો વિકાસ" અને સૌએ સાથે મળીને કામ કરવાની ભાવના જ આપણું સંઘ બળ છે. આવી મિટીંગ થાય એટલે આપણી બેટરી રિચાર્જ થાય. એકબીજાને હૂંફ મેળવવાનો, આનંદ મેળવવાનો આ પ્રસંગ છે. ઈ-એસબીએસના પ્રશ્નોનું સમાધાન થયું નથી પણ તે બાબતે સમાધાન કરવાનો જે પાથ છે તે લેવલ પર આવી રહેલ છે. તા. ૧૦મી માર્ચ, ૨૦૨૫ના દિવસે જે સ્ટ્રક્ચર મીટીંગ થઈ હતી. તેમાં ઈ-એસબીએસની સાથે એસોસીએટ બેંકના પ્રશ્નોની પણ ચર્ચા થઈ. કેટલીક ઈન્ફર્મેશનના આભાવે તેમાં કામ બાકી રહેલ છે. ઈ-એસબીએસના જે બે પ્રશ્નો છે તેના માટે રજુઆત કરવામાં આવી છે. મને વિશ્વાસ છે ટૂંક સમયમાં આ પ્રશ્નોમાં પોઝિટિવ ઈન્પ્રુવમેન્ટ આવશે. બીજો પ્રશ્ન છે દરેક આરબીઓ લેવલે ડિસ્પેન્સરીનો. તેમાં મેનેજમેન્ટનો પોઝિટીવ એપ્રોચ છે. ત્રીજો પ્રશ્ન છે ડિસ્પન્સરીમાં દવાઓ મળતી નથી. જેની કોર્પોરેટ સેન્ટરને રજુઆત કરવામાં આવી છે. ડીસેબલ ચાઈલ્ડના પ્રશ્નમાં આપણી રજુઆત પ્રમાણે મેનેજમેન્ટ વિચારી રહી છે. દરેક એડમિન લેવલે આપણને ઓફિસ મળી છે. સેવન્થ બાયપાઈટના ઘણાં બધા ઇસ્યુ છે. તેમાં પણ આપણે પ્રગતિ કરી છે. આપણા પેન્શનર્સને લગતા નાનામાં નાના પ્રશ્નો પીપીજી ડિપાર્ટમેન્ટ (એચઆર)માં રજુ કરવામાં આવે છે તેઓ પ્રશ્નોને સાંભળી આપણી રજુઆત પ્રમાણે આગળ કાર્યવાહી તેમના દ્વારા કરવામાં આવે છે. પનીસમેન્ટના કેસોમાં રિ-સ્ટ્રક્ચરીંગ થવામાં આપણને સફળતા મળી છે. વધુમાં આપણી આજની પેન્શનર્સ મીટની સફળતા માટે આપ સૌને ખૂબ ખૂબ અભિનંદન. ભૂતકાળમાં પેન્શનર્સ એસોસીએશનમાં જેમણે પોતાની સુઝબુઝ પ્રમાણે કામ કર્યું છે તેમને પણ આપણે એપ્રિસિયેટ કરીએ છીએ. તમામનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો.



એજન્ડા પ્રમાણે કાર્યવાહી કરતાં કમિટી મેમ્બર **શ્રી ક્રિષ્નમૂર્તિ** દ્વારા તા. ૨૪-૦૬-૨૦૨૩ના રોજ યોજાયેલા વાર્ષિક સાધારણ સભાની મિનિટ્સ વાંચવામાં આવી અને વિચાર-વિમર્શ બાદ સર્વાનુમતે મંજુર કરવામાં આવી.



એસબીઆઈપીએના જોઈન્ટ જનરલ સેક્રેટરી **શ્રી કાન્તીલાલ પરમારે** બેંકમાં ૩૬ વર્ષની નોકરી પૂર્ણ કરી ગાંધીનગરથી સર્કલ ઓડિટર તરીકે નિવૃત્ત થનાર અને નિવૃત્તિ પછી સેવાના કાર્યો જેવા કે, ગોરજ વાઘોડિયાની બક્ષીપંચની શાળામાંથી ૬ બાળકોને એડોપ્ટ કરેલા, પ્રતાપનગર વડોદરાની બ્લાઈન્ડ ગર્લ્સ સ્કુલમાંથી એક અંધ



શ્રી રાજેન્દ્રભાઈ જુવારીવાલા તથા દેવિયાનીબેનનું અભિવાદન

બાળાને એડોપ્ટ કરેલી, ખોરાક, કપડાં, દવાઓ માટે ત્રણ કુટુંબોને એડોપ્ટ કરેલા, દર મહિને કેન્સર પેશન્ટની દવાઓ માટે રૂા. ૧૧૦૦૦/- ડોનેટ કરનાર, મંદબુદ્ધિની વાઘોડિયાની મુન્ની સેવા આશ્રમની ૧૧૦ મંદબુદ્ધિની બાળાઓને મદદનાર, મુન્ની સેવા આશ્રમના ઘરડા ઘરમાં એન્ટરટેઈનમેઈન્ટ પ્રોગ્રામ, મેડીકલ કેમ્પનું આયોજન કરનાર આવી અનેક સેવાઓની પ્રવૃત્તિઓ કરતાં સેવાના ભેખધારી **શ્રી રાજેન્દ્રભાઈ જુવારીવાલા** તેમજ સ્ટાફ મેમ્બર તેમના પત્ની દેવ્યાનીબેન જુવારીવાલા દ્વારા પેન્શનર્સ એસોસીએશનને રૂા. ૫૧૦૦૦/-નું દાન આપેલ. તેમના ઉમદા કાર્યોને બિરદાવવા આપણાં પેન્શનર્સ એસોસીએશનના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી અને અન્ય હોદ્દેદારો દ્વારા બંનેનું શાલ ઓઢાડી મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું.

## અભિવાદન







એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન, અમદાવાદ સર્કલને અવિરતપણે મદદ કરનાર નીચે જણાવેલ પાંચ વ્યક્તિઓનું અભિવાદન કરવામાં આવ્યું. પેન્શનર્સ પ્રકાશનું નિયમિત પ્રિન્ટીંગ અને અન્ય જરૂરી બાબતોમાં મદદ કરનાર પ્રિન્ટવીઝનના **શ્રી પ્રણવ મહેતા,** આપણી પેન્શનર્સ મીટ અને એજીએમમાં સુંદર મંચ અને તમામ સુવિધાઓ પુરી પાડનાર એ. બી. લીંકના **શ્રી રાકેશભાઈ,** આપણી મિટીંગને ફેસબુક અને યુ-ટ્યુબ ઉપર લાઈવ કરનાર **શ્રી તેજ શાહ,** મનભાવન સુમધુર ભોજન પિરસનાર કેટરર્સ **શ્રી ગણેશભાઈ** અને પેન્શનર્સ માટે ડેન્ટીસ્ટ અને નિ-રિપ્લસમેન્ટ સર્જન ડોક્ટરોનું પ્રેઝન્ટેશન ગોઠવનાર Tri Star Marketing Consultancy Servicesના **શ્રી ગૌરાંગ રાવલ**નું મોમેન્ટો તેમજ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.



**એસબીઆઈપીએના જનરલ સેક્રેટરી શ્રી કમાલભાઈ**એ તેમના સંબોધનમાં જણાવ્યું કે ત્રણે એજન્સીઓ આનંદ રાઠી, પેરેમાઉન્ટ ટીપીએ અને એપોલો ફાર્મસી - સારૂં કામ કરી રહ્યા છે. આનંદ રાઠીના - પાર્થ પંડ્યા, મેડીસીનથી લઈને મેડીકલ બીલમાં આપણને ખૂબ જ મદદ કરે છે. સીજીએમ સાહેબે આપણને You are our extended family કહ્યું. તેમને આપણા સહયોગની જરૂર છે. આપણી બેન્કને પણ તાતી જરૂરિયાત છે, ડિપોઝીટની. ઉપસ્થિતિ તમામને વિનંતી કે આપ જેને પણ કહી શકતા હોય તેને બેન્કમાં ડિપોઝીટ મુકવા કહેશો. વધુમાં Pre Lcpc ફોર્મ પ્રિપ્રીન્ટેડ ફોર્મ મેળવી KYC સાથે સત્વરે સબમીટ કરવા. જે રીટાયરીઝને રીવીજન મળેલ નથી, જેનાં બેંક પાસે ડેટા અવેલેબલ નથી તેવા કિસ્સાઓમાં તમારી પાસે ડેટા હોય તો અમને પહોંચાડશો. ઈ-એસબીએસના બે પ્રશ્નો માટે રજુઆત કરેલ છે. તેમાં બેન્ક દ્વારા સત્વરે ઘટતું કરવા જણાવ્યું છે. આજે જે ગિફ્ટ આપણને મળી છે તે બેન્ક તરફથી આપવામાં આવેલ છે. મારી ટીમ આપના પ્રશ્નોમાં સારી રીતે કામ કરી રહી છે. સ્ટેગ્નેશન, ફીટમેન્ટ જેવા ઈસ્યુમાં અમદાવાદ ખાતે જિકેશ પટેલ સારી કામગીરી કરી રહ્યાં છે. મેડીકલ 'બી' પોલિસીમાં દરેક ડિસ્ટ્રિક્ટ લેવલે, એડમીન લેવલે, સર્કલ લેવલે સુંદર કામગીરી થઈ છે. ભાવનગર ખાતે હાઈએસ્ટ કામ થયું. રાજકોટ, સુરત, વડોદરા, અમદાવાદ, ગાંધીનગર ખાતે પણ 'બી' પોલિસીમાં સારૂં કામ કર્યું છે.

મેડિકલ પોલિસી 'બી' રીન્યુઅલ સમય ૧ થી ૧૫ જાન્યુઆરીના સમયમાં દરેક મિત્રોને આપે યાદ કરાવવાનું છે. હવે રિટાયર્ડ થતા હોય તેમણે 'એ' પોલિસી પણ અચૂક લેવી. ઘણીવાર 'બી' પોલિસીમાં પૂરેપૂરી રકમ ના મળે તો 'એ' પોલિસીમાંથી પણ મેળવી શકાય

છે. પ્રભુ મારાં પેન્શનરોની તંદુરસ્તી માટે પ્રાર્થના કરું છું. વધુમાં ડીઝીટલ લાઈફ સર્ટીફીકેટ સબમીટ કરવું કેટલું સરળ અને ઝડપી છે તેની વાત કરી. હમણા ૯૦૦ કેસ નીકળ્યા કે જેમના લાઈફ સર્ટીફીકેટ સબમીટ નહોતા થયા. ફેમિલી પેન્શનરો પણ ડીઝીટલ લાઈફ સર્ટીફીકેટ સબમીટ કરે એ દિશામાં આપણે કામ કરીશું. HRMS માં Pension Slip, Holiday Home. IDF સબમીટ કરવું, મેડીકલ 'બી' પોલિસી મેળવવી, વિગેરે કામ થઈ રહ્યાં છે. માટે આપનો HRMS ડેટા ચેક કરવો જરૂરી છે. રીવાઈઝ્ડ પીપીઓ ૩૦ મી એપ્રિલ સુધીમાં અપલોડ થઈ જશે. ઈન્ડસ્ટ્રીઝ લેવલે ઘણાં બધાં ઈસ્યુ આવી રહ્યાં છે. ૨૦૦૨ પહેલાંના પેન્શનરોને ડી.એ. ન્યુટ્રીલાઈઝેશનમાં તા. ૧-૧૧-૨૦૦૨ થી એરીયર્સ મળ્યું નથી. ૨૦૨૨થી એરીયર્સ આપવામાં આવેલ છે. ૪૦ થી ૫૦% માં થયેલ વધારાને પણ જુની ઈફેક્ટથી પેન્શનમાં વધારો થયેલ નથી. મને આશા છે કે ૨૦૨૫ના વર્ષમાં બેન્ક તરફથી જરૂરથી આ બધામાં આપને પેમેન્ટ મળશે. પેન્શનરોને લગતાં બે ઈસ્યુ એક્ષગ્રેસિયા, પેન્શન અપડેશન, UFBU દ્વારા રજુ કરવામાં આવેલ છે. બેન્કની કોમ્યુટેશનની ફોર્મ્યુલામાં લોસ વધારે છે. આ મુદ્દાને પણ UFBU દ્વારા લેવામાં આવેલ છે. જનરલ સેક્રેટરી રિપોર્ટ પેન્શનર્સ પ્રકાશમાં છાપવામાં આવેલ છે. તેમાં કોઈને કંઈ કહેવું હોય તે કહી શકે છે.

